# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2559 ❖ ફાલ્ગુન પૂર્ણિમા ❖ 13 માર્ચ 2017 ❖ વર્ષ – 17 ❖ અંક – 12 ❖ સળંગ અંક - 204

## ધમ્મવાણી

पियतो जायते सोको पियतो जायते भयं ।
पियतो विप्पमुत्तस्स नत्थि सोको कुतो भयं ।।
पेमतो जायते सोको पेमतो जायते भयं ।
पेमतो विप्पमुत्तस्स नत्थि सोको कुतो भयं ।।

૧. પ્રિયથી શોક ઉત્પન્ન થાય છે, પ્રિયથી ભય પણ નીપજે છે. જે પ્રિયથી મુક્ત છે, તેને શોક નથી તો ભય ક્યાંથી હશે ?
૨. પ્રેમથી શોક ઉત્પન્ન થાય છે. પ્રેમથી ભય નીપજે છે. જે પ્રેમથી મુક્ત છે, તેને શોક નથી તો ભય ક્યાંથી હશે ?

-ધમ્મપદ

## ધર્મ દર્શન - (ભાગ-૨)

ગતાંકથી ચાલુ...

સાધકો ! હું મારા તથા પરિચિત હજારો સાધકોના અનુભવના આધારે કહું છું કે આ પ્રક્રિયાના અભ્યાસમાર્ગમાં ક્યાંય કોઈ અલૌકિક ચમત્કાર નથી. જે ઉપલબ્ધિ થાય છે, તે સ્વયં પોતાના કઠોર પરિશ્રમથી જ થાય છે. મારી પાસે મારો મેલો માનસિક પાલવ છે. સૌભાગ્યથી આ વિધિ સાબુ સ્વરૂપે પ્રાપ્ત થઈ. મેં આ સાબુનો જેટલો પ્રયોગ કર્યો, તેટલો જ મેલ નીકળ્યો, વધારે નહીં. જેટલી માત્રામાં મેલ બચ્યો છે, તેટલી માત્રામાં દુઃખ છે જ. કામ કંઈ ન કરું અથવા થોડુંક જ કરું અને મેલ બધો ધોવાઈ જાય એવો કોઈ ચમત્કાર નથી હોતો. વાસ્તવમાં આ તો જીવનભરનું કામ છે. આખું જીવન પોતાના પ્રત્યે સજગ સચેત, રહેવું જ પડશે. અપ્રમત્ત રહેવું જ પડશે. સાચે જ કામ અઘરું છે. પરંતુ બીજો કોઈ રસ્તો પણ નથી.

પરંતુ આપણું ભોળપણ છે કે આપણે કોઈ ચમત્કારનો રસ્તો શોધીએ છીએ. એવો ચમત્કાર, જેને લીધે આપણે કોઈ ભારે શ્રમ ન કરવો પડે અને સફળતા પણ મળી જાય. આવી અવસ્થામાં આપણે પાછા કલ્પનાલોકમાં ઊડવા લાગીએ છીએ. આટલા મનીષીઓ દ્વારા પરમસત્યની શોધ થઈ ગયા બાદ એ તો સ્વીકાર કરવો જ પડે છે કે આપણાં દુઃખોનું કારણ કોઈ દેવ કે જગદીશ્વર નહીં, આપણા પોતાના સંચિત કર્મસંસ્કાર જ છે. પરંતુ ફરીથી આશા બાંધવા લાગીએ છીએ કે આપણા દ્વારા હજાર દૂષિત કર્મ થયાં, છતાં પણ કોઈ એવો સર્વશક્તિમાન અને કરુણાસાગર છે, જેને કોઈ પણ રીતે પ્રસન્ન કરી લઈએ તો તે આપણા બધાં દુઃખોને દૂર કરી દેશે. આ આશામાં ફરી ખુશામતો, ભેટ, ચઢાવાનો ક્રમ ચાલુ થઈ જાય છે. આપણે નથી જાણતા કે આપણે શું કરી રહ્યા છીએ ? અંધભક્તિના ભાવાવેશમાં આપણે જે ભગવાનનું નિર્માણ કર્યું, તે બિચારાની કેવી દશા કરી રહ્યા છીએ ? કેવો છે, ભગવાન જે પોતાનાં માન-સન્માનથી પ્રસન્ન થાય છે? અતિશયોક્તિપૂર્ણ પ્રશંસા પ્રશસ્તિઓથી ફુલાઈને ફુગ્ગો થઈ જાય છે. જી-હજૂર કરનાર ખુશામતખોર લોકો પર કૃપાદૃષ્ટિ રાખે છે. ભેટ ચડાવનાર પર પોતાની કૃપા વરસાવે છે. પોતાનાં પ્રશંસક પર પ્રસન્ન થઈને તેનાં કાળાંને પણ સફેદ કરી દે છે. પ્રવંચક અપરાધીને નિરપરાધીની સમકક્ષ બેસાડી દે છે. અહમ્‌નું એવું પૂતળું કે કોઈ ભૂલેચૂકે પણ તેનું નામ લઈ લે તો તેને ઝટ તારી દેવા તત્પર થઈ જાય છે. એવી આસક્તિ છે, તેને પોતાના નામ સાથે. અને એવી જ આસક્તિ છે, તેને પોતાના સંપ્રદાય સાથે. જે જે સંપ્રદાયનો ભગવાન છે, તે તે સંપ્રદાયના વ્યક્તિનો પક્ષ લે છે અને અલગ અલગ સંપ્રદાયોના આપણે અલગ અલગ પક્ષપાતી ભગવાન ઊભા કરી દીધા. અરે, કોઈ સીમા છે આપણા ભોળપણની ? શું ખરેખર આ વિશાળ વિશ્વની વ્યવસ્થા આવા કોઈ શાસક કે શાસકોના હાથમાં છે, જે પક્ષપાતી છે,દંભી છે, નિરંકુશ છે, કાનૂન-કાયદાઓને, ધર્મ વિધાનને ઠોકર મારી મનમાની કરવાવાળા છે ? દુર્ગુણના ભંડાર છે?

જો માન્યતા કરવી જ હતી, તો એવા દુર્ગણીની જગ્યાએ કોઈ સદ્‌ગુણસંપન્ન દેવતાની કરવી હતી કે જેનાથી પ્રેરણા મેળવી સ્વયં સર્વગુણસંપન્ન થવામાં તો લાગી જાત. કલ્યાણ તો થાત. પરંતુ આપણા ભોળપણમાં આપણે પોતાનું જ અમંગળ સાધવા લાગ્યાં. ચિત્તવિશુદ્ધિથી જ દુઃખવિમુક્તિ છે, એ વિધાનને સ્વીકારતાં હોવા છતાં પણ ચિત્તવિશુદ્ધિ થાય કે ન થાય, પણ આ વિધાનથી પર એવા કોઈ નિરંકુશ વિધાયકને પ્રશંસાઓથી પ્રસન્ન કરવાના ભોળપણમાં લાગી ગયા.

ધર્મદર્શનનો અભ્યાસ આપણને આવી ભૂલોથી બહાર કાઢે છે. દુઃખનું કારણ ચિત્તના દૂષણો છે અને ચિત્તના આ દૂષણોથી વિમુક્ત થઈ જવું જ દુઃખવિમુક્તિ છે. નિસર્ગનું આ અટલ નિયમવિધાન જેટલું સ્પષ્ટ થતું જાય, તેટલી ચિત્તવિશુદ્ધિ. આને જ એકમાત્ર લક્ષ્ય માનીને આપણે ધર્મપથ પર આરૂઢ થઈ જઈએ. પછી

તો વિધાનપાલન જ આપણા માટે પ્રમુખ થઈ જાય અને બાકી બધું ગૌણ. વિધાન જ વિધાયક થઈ જાય, નિયમ જ નિયામક થઈ જાય, સત્ય જ નારાયણ થઈ જાય, નિયમ, સત્ય, ધર્મ જ ઈશ્વર થઈ જાય. વિધાન, નિયમ, સત્ય, ધર્મને ઠોકર મારી આમનાથી અલગ કોઈ નારાયણને પ્રસન્ન કરવાની વાત મનમાં આવે જ નહીં. ધર્મ છૂટવામાં અમંગળ જ અમંગળ લાગે અને ધર્મ ધારણ કરવામાં મંગળ જ મંગળ.

સત્યને જ ઈશ્વર માની તેના પ્રત્યે સવિવેક શ્રદ્ધા રાખીને જ્યારે આપણે ધર્મદર્શનનો અભ્યાસ કરીએ છીએ તો સાચે જ જેટલું જેટલું ધર્મદર્શન એટલે કે સત્યદર્શન થાય છે, તેટલા તેટલા દુ:ખવિમુક્ત થઈ જઈએ છીએ. તે અવસ્થામાં અનંત પ્રકૃતિની સૂક્ષ્મતર સચ્ચાઈઓની સાથે સમરસ થવા લાગીએ છીએ અને પ્રકૃતિની આ સચ્ચાઈ પોતાના નિયમોથી બંધાયેલી હોવાના કારણે પોતે જ આપણી રક્ષા કરવા લાગે છે. ધારણ કરીએ તો ધર્મ પોતે જ આપણી રક્ષા કરવા લાગે છે. આ માટે તેની અથવા કોઈની પણ ખુશામત નથી કરવી પડતી. આ ધર્મ નિયામતા છે. જ્યારે આપણું મન દુર્ગુણોમાં અટવાય છે અને દૂષિત વૃત્તિઓના તરંગો પેદા કરે છે, તો સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત એવા જ દૂષિત તરંગોની સાથે સમરસ થઈને આપણા દુર્ગુણોને અને ફળસ્વરૂપ દુ:ખોને વધારે છે. ઠીક, એ જ પ્રકારે જ્યારે આપણું મન દુર્ગુણોથી મુક્ત થઈને નિર્મળ થાય છે, સદ્‌ગુણોથી ભરાય છે, સદ્‌વૃત્તિઓના તરંગો ઉત્પન્ન કરવા લાગે છે, તો અનંત વિશ્વમાં સમાયેલાં દૃશ્ય-અદૃશ્ય પ્રાણીઓના, જે પણ સાત્વિક દેવ-બ્રહ્મ છે તેમના શુદ્ધ ધર્મમય સાત્વિક તરંગો આપણને આવીને મળે છે, આપણને બળ પ્રદાન કરે છે અને આપણું સુખ સંવર્ધન કરે છે, સંરક્ષણ કરે છે. આ જ નિયમ છે, વિધાન છે, જે પ્રત્યક્ષ અનુભૂત કરી શકાય છે.

કોઈ પણ દેશનું રાજ્યવિધાન જે તે દેશનો ધર્મ હોય છે - એવી જ રીતે આ સાર્વદેશિક, સર્વજનીન, સાર્વકાલિક વિશ્વ-વિધાન, વિશ્વ-ધર્મ છે, વિધાનને ન તોડીએ તો તે વિધાયકથી દંડિત થવાનો કોઈ ભય નથી હોતો. બીજી તરફ પ્રાર્થના-પુકાર વિના પણ તેની સુરક્ષાની પૂરી જવાબદારી રાજ્યની જ હોય છે. પરંતુ જે વિધાનને, રાજ્યના કાનૂનને કદમ કદમ પર તોડે છે અને વિધાયક કે શાસકને ખુશ રાખવા માટે તેની ખુશામતો કરે છે, તેને ફૂલ-ફળ ચડાવે છે તો એવી વ્યક્તિ ન કેવળ પોતાની બલ્કે સમસ્ત દેશ અને સમાજની સુખશાંતિ માટે, વ્યવસ્થા માટે ખતરનાક સાબિત થાય છે. જે દેશના લોકો રાજ્યના કાયદાઓનું સજગ થઈને પાલન કરે છે, તે દેશમાં, સમાજમાં સુખશાંતિ બિરાજશે જ. આ પ્રકારે આ વિશાળ વિશ્વ-રાજ્યમાં પણ વિશ્વવિધાનરૂપી ધર્મપાલનની અતિરિક્ત સુખશાંતિ મેળવવાનું બીજું કયું સાધન હોઈ શકે?

એટલે જ, ન કેવળ પોતાની સુખશાંતિ માટે, બલ્કે સર્વની સુખશાંતિ માટે ધર્મ ધારણ કરીએ. વિશ્વવિધાનને અનુકૂળ જીવન જીવીએ અને અતૂટ નિષ્ઠાની સાથે ધર્મદર્શનના અભ્યાસ દ્વારા ચિત્તને વિકારવિહીન કરવામાં લાગીએ. આ અભ્યાસમાં જે પણ બાધાઓ આવે, તે ભલે ગમે તેટલી પ્રિય લાગે તેવી કેમ ન હોય, તેમને નિર્મમતાપૂર્વક દૂર કરીને 'એકૈ સાધે સબ સધે''વાળા અનન્યભાવથી ચિત્તવિશુદ્ધિનો અથાક પ્રયત્ન કરતાં જ રહીએ, કરતાં જ રહીએ. અનંતના કણ કણમાં સમાયેલા મંગળમય પરમસત્યનું આ જ વિધાન છે.

**- કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કા**

**ધર્મજ - દસ દિવસીય શિબિર રદ**

**તારીખ: ૧૧-૫-૨૦૧૭ થી ૨૨-૫-૨૦૧૭**
**શિબિર રદ કરેલ છે તેની જગ્યાએ નવી શિબિર તારીખ તા. ૨૫-૫-૨૦૧૭ થી ૫-૬-૨૦૧૭ છે.**

## વિપશ્યના ધ્યાન વિષયક માહિતી વોટસ્‌એપ દ્વારા મેળવવા માટે

### નવા સાધકો માટે

✦ આપના પરિચિતોને સાધના કરવાની પ્રેરણા મળતી રહે તેવા વોટ્સએપ મેસેજ આ નંબર પરથી મળતા રહેશે.
✦ આપના પરિચિતોને વિપશ્યના સાધના સાથે જોડાવા માટે આ નંબર સેવ કરવા તેમ જ એક વખત નામ અને શહેર લખી વોટ્સએપ કરવા માટે પ્રેરિત કરવા.
✦ જેથી કેન્દ્ર પરથી તેમ જ અલગ અલગ સ્થળો પર થતા પરિચય કાર્યક્રમોની માહિતી, ગુરુજીના પ્રવચનો તથા અન્ય વિડીઓ મેસેજ તેઓને મહિનામાં ફક્ત બે વખત મળતા રહેશે.
✦ આ બ્રોડકાસ્ટ ગ્રૂપ હોવાથી ફક્ત કેન્દ્ર તરફથી જ મેસેજ મળશે, અન્ય કોઇ વ્યક્તિ મેસેજ કરી શકશે નહીં.

**JOIN OUR WHATSAPP BROADCAST**
**TYPE ADD ME "Your Name, Area" and Send whatsapp it on**
SAVE THIS NUMBER **94262 02222** SAVE THIS NUMBER

### જૂના સાધકો માટે

✦ જૂના સાધકોને સાધનામાં પ્રગતિ માટે ગ્રૃપમાં જોડાવું ખૂબ જ ઉપયોગી રહેશે. આ ગ્રૃપ ફક્ત જૂના વિપશ્યી સાધકો માટે જ છે. જે લોકોએ શિબિર ન કરી હોય તેમને ન જોડવા. ✦ આ ગ્રૃપમાં જોડાવાથી તમોને મહિનામાં ૨ થી ૪ વખત સાધનામાં પ્રગતિ માટે ઉપયોગી ગુરુજીના પ્રવચનો, સાધના સંબંધી પ્રશ્નોત્તરી, કોઇ વિશેષ કાર્યક્રમો, શિબિરોની માહિતી તથા અન્ય ઓડિયો–વિડિયો મળતા રહેશે. ✦ આ બ્રોડકાસ્ટ ગ્રૂપ હોવાથી ફક્ત કેન્દ્ર તરફથી જ મેસેજ મળશે, અન્ય કોઇ મેસેજ કરી શકશે નહીં. ✦ આ ગ્રૂપ સાથે જોડાવા માટે આ નંબર સેવ કરીને એક વખત નામ અને શહેર લખી વોટ્સએપ કરવા માટે સાધકોને પ્રેરિત કરવા.

**JOIN OUR WHATSAPP BROADCAST**
**TYPE ADD ME "Your Name, Area" and Send whatsapp it on**
SAVE THIS NUMBER **78 78 72 72 23** SAVE THIS NUMBER

## રાજકોટમાં થતી સામૂહિક સાધના

**દૈનિક સામૂહિક સાધના :**

- દર શુક્રવારે સવારે : ૭-૩૦ થી ૮-૩૦, સ્થળ : ભાભાકૃપા, ૩-ગીતગુર્જરી, એરપોર્ટ રોડ, રાજકોટ.
- સોમથી શનિ - સવારે : ૭-૩૦ થી ૮-૩૦, સાંજે : ૬-૩૦ થી ૭-૩૦ સ્થળ :- ૧. આશુતોષ મંદિર પાસે, ૧.- કોટેચા નગર, અપના બજારની બાજુની શેરી, કાલાવડ રોડ, રાજકોટ. ૨.-વિભાકર નિવાસ, ધારેશ્વર મંદિર પાસે, ભક્તિનગર, રાજકોટ.
- સોમ થી શનિ - સવારે : ૭-૦૦ થી ૮-૦૦, સ્થળ : "સુંદરમ્" ૩-સરદાર નગર સોસાયટી, પટેલ બોર્ડીંગ પાસે, રાજકોટ.
- સોમથી શનિ - બપોરે : ૩-૪૫ થી ૪-૪૫ સ્થળ : સીટી ઓફિસ, ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ.
- દર રવિવારે સવારે : ૮-૦૦ થી ૯-૦૦
- દર મહિનાના ત્રીજા રવિવારે સવારે : ૮-૦૦ થી ૧૦-૦૦ સામૂહિક સાધના અને ધર્મ ચર્ચા (ચા-પાણી, નાસ્તો) સ્થળ:- માસૂમ સ્કૂલ યુનિ. રોડ રાજકોટ.

## જૂનાગઢમાં થતી સામૂહિક સાધના

**દૈનિક સામૂહિક સાધના :**

- દરરોજ સાંજે : ૭ થી ૮, સ્થળ : મૂળજીભાઇના ઘરે, ઇવનગર રોડ, કોન્વેન્ટ સ્કૂલ પાછળ, ગાંધીગ્રામ, મો.: ૯૪૨૯૫૧૫૨૬૨

**સાપ્તાહિક સામૂહિક સાધના :**

- દર રવિવારે સવારે : ૮-૦૦ થી ૯-૦૦ - મણિભાઇ કાલરીચા હોલ, શેરી નં. ૯, રાયજીનગર, મોતીબાગ, રમણીકભાઇ કવા : મો. ૯૪૨૭૨ ૦૫૪૦૫
- દર શનિવારે સવારે : ૭-૦૦ થી ૮-૦૦ - શશી કુંજ, નવી કલેક્ટર ઓફિસ સામે, સરદાર બાગ, જૂનાગઢ. રમણીકભાઇ કુંભાણી : મો.: ૯૬૮૭૯ ૭૩૪૦૦
- દર રવિવારે સવારે : ૮-૦૦ થી ૯-૦૦ - ડો. પિયૂષ ટાંકની હોસ્પિટલ, મધુરમ બસ સ્ટેન્ડ પાસે, ટીંબાવાડી. રવજીભાઇ વાઘેલા : મો.: ૯૭૨૪૩ ૪૦૨૭૯

**માસિક સામૂહિક સાધના :**

- દર મહિનાના ત્રીજા રવિવારે સવારે : ૯ થી ૨ - ધમ્મ જૂનાગઢ, પાટલા, ભેંસાણ અથવા અન્ય સ્થળે (નક્કી થાય તે મુજબ) રમણીકભાઇ કવા : મો. ૯૪૨૭૨ ૦૫૪૦૫

## ધમ્મકોટ એક દિવસીય શિબિર

**તારીખ** : ૧૬-૪-૨૦૧૭, રવિવાર સવારે ૯ થી સાંજે ૫ સુધી.
**સંપર્ક** : ધમ્મકોટ કેન્દ્ર : ફોન - ૦૨૮૧ - ૨૯૨૪૯૨૪, મો.: ૯૩૨૭૯ ૨૩૫૪૦, ૭૮ ૭૮ ૭૨ ૭૨ ૨૩

## ધમ્મકોટ - એક દિવસીય મેગા શિબિર

**તારીખ :** ૧૪-૫-૨૦૧૭, રવિવાર - ગુરૂપૂર્ણિમા

**તારીખ :** ૯-૭-૨૦૧૭, રવિવાર - બુદ્ધપૂર્ણિમા

**સમય :** સવારે ૯ થી સાંજે ૫ સુધી.
**સંપર્ક** : ધમ્મકોટ કેન્દ્ર : ૦૨૮૧ - ૨૯૨૪૯૨૪, મો.: ૯૩૨૭૯ ૨૩૫૪૦, ૭૮ ૭૮ ૭૨ ૭૨ ૨૩

## -: વિપશ્યના પરિચય કાર્યક્રમ :-

ભાવનગર જીલ્લા તેમ જ આસપાસના વિસ્તારના સાધકોના પરિવારજનો તેમ જ મિત્રો-પરિચિતો લાભ લઇ શકે એવા ખાસ હેતુથી વિપશ્યના પરિચય કાર્યક્રમનું આયોજન કરેલ છે.

કાર્યક્રમ સંપન્ન થયા બાદ ભોજન વ્યવસ્થા રાખેલ છે. ભોજન અને અન્ય વ્યવસ્થા યોગ્ય રીતે થઇ શકે તે માટે આગોતરા રજિસ્ટ્રેશન કરાવીને જ પધારશો.

**ધમ્મપાલિ : તા. ૦૨-૦૪-૨૦૧૭, રવિવાર, સવારે ૧૦ થી ૧**
**સંપર્ક : મો.: ૮૮૬૬૭૧૩૬૩૬, ૯૭૧૪૯૧૦૯૧૩**

## નિવૃત્ત - અર્ધનિવૃત્ત વિપશ્યી સાધકો માટે ધર્મસંમેલન

નિવૃત્ત-અર્ધનિવૃત્ત સાધક ભાઇ/બહેનો માટે નિવૃત્તિ બાદનું જીવન ધર્મમય, સાધનામય જીવન બનાવી અધિકમાં અધિક લાભ લેવા, આ માર્ગ પર આગળ વધવા માટે ઉપયોગી વાતોને વણી લઇ ધર્મસંમેલનનું આયોજન કરેલ છે.

**-:: ધમ્મપાલિ - ભાવનગર ::-**

**ધર્મ સંમેલન : તા. : ૧-૪ થી ૨-૪-૨૦૧૭**
**રજીસ્ટ્રેશન : મો.: ૮૮૬૬ ૭૧ ૩૬૩૬, ૯૭૧૪૯ ૧૦૯૧૩**
(સમય પ્રથમ દિવસે સવારે ૧૦.૦૦ થી બીજા દિવસ સાંજે ૫.૦૦ સુધી)


**STATEMENT ABOUT OWNERSHIP AND OTHER PARTICULARS ABOUT NEWS PAPER VIPASSANA MONTHLY (GUJARATI) AS REQUIRED TO BE PUBLISHED UNDER RULE 8 OF REGISTRATION OF NEWS PAPER (CENTRAL RULES, 1956) FORM - IV (SEE RULES 8)**

| | | |
|---|---|---|
| 1. | Place of Publication | Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001. |
| 2. | Periodicity of the Publication | Monthly |
| 3. | Printer's Name | Mr. Chandubhai G. Mehta (on behalf of Saurashtra Vipassana Research Center) |
| | Whether citizen of India ? | Yes |
| | Address | Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001. |
| 4. | Publisher's Name | Mr. Chandubhai G. Mehta (on behalf of Saurashtra Vipassana Research Center) |
| | Whether citizen of India ? | Yes |
| | Address | Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001. |
| 5. | Editor | Mr. Bharat S. Kapadia |
| | Whether citizen of India ? | Yes |
| | Address | Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001. |
| 6. | Names and address of Individuals who own the news paper and partners or share holders holding more than on percent. | Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001. |

I Chandubhai G. Mehta hereby declare that the particulars given above are true to best of my knowledge and belief.

Sd/-
Chandubhai G. Mehta
Publisher & Printer

Date : 01-03-2017
Place : RAJKOT

# ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૬-૧૭ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧. રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
સંપર્ક :: Ph.: 0281-2233666, M : 78 78 72 72 23, Ph.: 0281-2924942, M : 93279 23540, E-mail : dhammakot@gmail.com

05-04 to 16-04-17
19-04 to 30-04-17
03-05 to 14-05-17
17-05 to 28-05-17
31-05 to 11-06-17
14-06 to 25-06-17

**ફક્ત જૂના સાધકો માટે**

**10 DAYS SPL.**
10-07 to 21-07-17

**STP**
12-07 to 20-07-17

**3 DAYS**
24-08 to 27-08-17
12-10 to 15-10-17

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, ગામ : વગલવાડ, તા.: ગણદેવી. સંપર્ક : Mo : 78784 60961, Mo : 95865 82660, 94281 60714, 98250 44536. E-mail : info@ambika.dhamma.org

28-03 to 08-04-17
09-05 to 20-05-17
22-05 to 02-06-17
03-06 to 14-06-17
20-06 to 01-07-17
03-07 to 14-07-17

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
02-08 to 10-08-17

**10 DAYS SPL.**
31-07 to 11-08-17
20-12 to 31-12-17

**Teen Boy**
08-04 to 16-04-17

## ધમ્મસિંધુ-બાડા

C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ–૩૭૦ ૪૬૫, સંપર્ક : Ph.: 02834-273303, M : 78746 23305, 99256 74104 E-mail : info@sindhu.dhamma.org

06-04 to 17-04-17
18-04 to 29-04-17
29-04 to 10-05-17
24-05 to 04-06-17
04-06 to 15-06-17

**ફક્ત જૂના સાધકો માટે**

**3 DAYS**
16-05 to 19-05-17

**20 DAYS**
16-09 to 07-10-17

**30 DAYS**
16-09 to 17-10-17

**STP**
18-04 to 26-04-17

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦ સંપર્ક : Ph.: 02714-294690, M : 94264 19397 E-mail : info@pitha.dhamma.org

05-04 to 16-04-17
19-04 to 30-04-17
12-05 to 23-05-17
25-05 to 05-06-17
07-06 to 18-06-17
21-06 to 02-07-17
05-07 to 16-07-17
19-07 to 30-07-17
02-08 to 13-08-17

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
13-09 to 21-09-17

**30 DAYS**
30-10 to 30-11-17

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨. સંપર્ક : Ph.: 02762-272800, 254634, 252345 M : 94292 33000. E-mail : info@divakara.dhamma.org

29-03 to 09-04-17
12-04 to 23-04-17
26-04 to 07-05-17
10-05 to 21-05-17
24-05 to 04-06-17
14-06 to 25-06-17
12-07 to 23-07-17

**ફક્ત જૂના સાધકો માટે**

**3 DAYS**
30-06 to 02-07-17

**STP**
06-03 to 14-3-17

**20 DAYS**
28-01 to 18-02-18

## ધમ્મપાલિ

ગામઃ ટોડી, સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર. સંપર્ક :: **ધમ્મપાલી કેન્દ્ર :** M : 7878103636 M : 8905554666 M : 8866703636 **સિટી ઓફીસ :** Ph. 0278 - 2521066, M : 88 66 71 3636 E-mail : dhammapali15@gmail.com

09-04 to 20-04-17
30-04 to 11-05-17
04-06 to 15-06-17
25-06 to 06-07-17

**ફક્ત જૂના સાધકો માટે - STP**
21-05 to 29-05-17

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક : Ph.: 02697- 245460, 245302 M : 94265 00765. દિપકભાઈ સંપર્ક : M.94289 00794 Time 10.00am to 5.30 pm E-mail : vipassana.dharmaj@gmail.Com

11-05 to 22-05-17
11-08 to 22-08-17

**નોંધ : શિબિરના દિવસે ધમ્મકોટ જવા માટે બપોરે : ૨.૩૦ કલાકે રાજકોટ-વિપશ્યના સીટી ઓફિસથી બસ ઉપડશે.**

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઈઝ ફોટો અને ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

અપના ભી પાલન કરે, પાલે નિજ પરિવાર ।
ઔરોં કા પાલન કરે, ગૃહી ધર્મ કા સાર ॥

અપની સંપદ કી સદા, રક્ષા કરે સચેત ।
પર ઔરોં કા કરણ કભી, દાબે નહીં અચેત ॥

સંગ્રહ હી સંગ્રહ કરે, કરે ન કિંચિત ત્યાગ ।
ઉસ ગૃહપતિ કો સુખ કહાં ? જિસકા છુટા ન રાગ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

દમન ઔર અન્યાય કા, કરે પ્રબલ પ્રતિકાર ।
પર અન્યાયી કે લિયે, રહે હૃદય મેં પ્યાર ॥

સંપદ્–મિત અનેક હૈ, વિપદ્–મિત સો મિત ।
સ્વજન પરાયે કી સદા, વિપદા પરખે પ્રીત ॥

અર્જિત સમ્પત્તિ કા સદા, સમુચિત હો ઉપયોગ ।
તો ગૃહપતિ કા સુખ બઢે, બઢે નહીં ભવરોગ ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 13 માર્ચ 2017** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2015-17
(Renewed upto 31.12.2017)

**Weighs less than 30 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org